ફોજદારી કેસ નંબર :– ૨૮૩/૨૦૨૩
આંક–

૧.આ કામના આરોપી સામે આક્ષેપિત ગુન્હો ધી ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ ૬૬ (૧)(બી) મુજબના ગુન્હાનુ ચાર્જશીટ અદાલતમાં રજુ કરેલ છે. આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ. તે બાદ આરોપીની પ્લી લેવામાં આવતા તેમાં આરોપીને ગુન્હાનો સ્વિકાર કરેલ છે. આરોપી ગુન્હાનો સ્વીકાર કરતા હતા તે કબુલાત સ્વૈચ્છિક હોવાની ખાતરી કરવામાં આવી તે બાદ આરોપી તરફથી ગુન્હા કબુલાત પુરશીષ રજુ કરેલ છે તેમાં પણ તેઓએ નિખાલસપણે પોતાનો ગુન્હો સ્વૈચ્છિક રીતે કબુલ કરેલ છે અને વધુમા જણાવેલ છે કે, તેઓનો પ્રથમ ગુન્હો છે, ગરીબ બાલ–બ્ચાવાળો છે જેથી હળવી સજા અને દંડ કરવા માટે અરજ ગુજારેલ છે.

૨. સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર જી.એલ.આર.૨૦૦૫ પાના નંબર:૭૦૯ ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે એવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે કે, **'' જો આરોપીનો પ્રથમ ગુન્હો હોય અને હળવી સજા કરવા માટે પુરતા કારણો જણાઈ આવતા હોય તો કોર્ટ કાયદામાં ઠરાવેલ મહતમ સજા કરતા પણ ઓછી સજા ફરમાવી શકે છે. ''** આમ ઉપરોકત ચુકાદાને નજર સમક્ષ રાખતા હાથ ઉપરના કેસમાં પણ આરોપીએ તેઓના ગુન્હા કબુલાત પુરશીષની વિગતો જોતા તેઓનો પ્રથમ ગુન્હો હોય એન ગરીબ માણસ હોવાનુ જણાવેલ છે.

૩. આ સંજોગોમાં ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આરોપીની ગુન્હો કબુલાત સ્વૈચ્છિક હોય તથા પ્રથમ ગુન્હો હોય તેથી કાયદામાં ઠરાવેલ મહતમ સજા નહી કરતા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદાને વળગી રહીને આરોપીની કબુલાતનો સ્વિકાર કરવામાં આવે છે અને નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: હુ ક મ :: –**

આરોપી– નીખીલભાઈ સંજયભાઈ ભોજક ને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૨ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) ના ગુન્હામા રૂ. ૫૦૦/–**(અંકે પાંચસો પુરા)** દંડ કરવામાં આવે છે, તેમજ કોર્ટ ઉઠતાં સુધીની સજા કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવાની કસુર કરે તો દિન–પંદર ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આ હુકમ આજરોજ લોક–અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

(આત્મદીપ શર્મા)
GJ 01355
બીજા અધીક જયુડી. મેજી.ફ. ક.
વાંકાનેર.

વાંકાનેર
તારીખ :–૧૧/૦૨/૨૦૨૩